જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૫/૮/૨૦૧૪ મંગળવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધીધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૦૧૭/૧૪

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૮ કેસ કરી ૧૬ વ્યક્તિઓને ઝડપી ૫૨ લીટર દેશી દારૂ, ૦૯ બોટલ ઈંગ્લીશ દારૂ, ૩૮ બોટલ ઈંગ્લીશ (ક્વાર્ટર)દારૂ, ૧૬ બિયર ટીન, ૧ મોટર સાયકલ, અને ૧ કાર કબજે કરી હતી.

## તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૦૧૮/૧૪

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૩૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

## શહેર ટ્રાફિક પોલીસે કરેલ કામગીરીની વિગતઃ- સમાચાર યાદી નં.૨૦૧૯/૧૪

તા.૪/૮/૧૪ નારોજ શહેર ટ્રાફિક પોલીસે કસુરવાર વાહન ચાલકો વિરુધ્ધ ૧૧,૧૩૩ કેસ કરી માંડવાળ પેટે રૂપિયા ૬,૦૬,૪૨૫/- વસુલ કર્યા છે. આ પૈકી ૬૪ વાહનો ડીટેઈન કરવામાં આવ્યા છે. આ ઉપરાંત રોંગ પાર્કિંગમાંથી ૨૦૭ વાહનો ટો કરી રૂપિયા ૧૧,૬૦૦/- વસુલ કરવામાં આવ્યા છે. બી.પી.એક્ટ (એન.સી.) મુજબ ૦૮ વાહન ચાલક વિરુધ્ધ, આઈ.પી.સી. ૧૮૮ મુજબ ૦૦ વાહન ચાલક વિરુધ્ધ, ૨૮૩ મુજબ ૦૩ આઈ.પી.સી.૨૭૯ મુજબ ૦૦ વાહન ચાલક વિરુધ્ધ કાર્યવાહી કરવામાં આવી છે. તેમજ વગર હેલ્મેટનાં ૫૧૮૧ કેસ કરી રૂપિયા ૨,૫૮,૯૫૦/- વસુલ કરવામાં આવ્યા છે.

તા.૧/૧/૧૪ થી તા.૪/૮/૧૪ સુધીમાં કુલ ૧૯,૬૫,૫૮૭ કેસો કરવામાં આવેલ છે અને રૂપિયા ૧૧,૦૯,૦૩,૫૭૫/- સ્થળ દંડ વસુલ કરવામાં આવેલ છે.

## ત્યજી દીધેલ મૃત બાળક મળી આવવા બાબતઃ સમાચાર યાદી નં.૨૦૨૦/૧૪

**ઓઢવ :** તા.૪/૮/૧૪ સવારના ૧૦/૨૦ વાગ્યાના સુમારે ઓઢવ જનતાનગર ઇન્દીરાનગરનાં મેદાનમાં કચરામાં એક તાજુ જન્મેલ બાળક ત્યજી દિધેલ હાલતમાં અનિલભાઇ જગદીશભાઇ ત્રીવેદી (રહે.ઓધવનગર સોસાયટી, ઓઢવ) નાઓને મળી આવતા, ઓઢવ પોલીસે અજાણી મહિલા વિરૂધ્ધ ગુનો નોધી આ ગુનાની તપાસ પોસઇ.શ્રી કે.એસ.ચાવડા ચલાવે છે.

**છેતરપીંડી અને વિશ્વાસઘાત :-** **સમાચાર યાદી નં.૨૦૨૧/૧૪**

**નવરંગપુરા :** બેલાબહેન ભરતભાઇ પટેલ (ઉ.વ.૩૮)(રહે.દેવ રેસીડન્સી, કેયુરપાર્કની સામે, નિકોલ નરોડા) એ તા.૪/૮/૧૪ નારોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૪/૭/૧૪ ના કલાક ૧૦/૩૦ થી તા.૬/૭/૧૪ નાં કલાક ૧૦/૩૦ વાગ્યા દરમ્યાન પોતાની નવરંગપુરા ખાતેની લાઇફ ઇન્સ્યોરન્સ કંપનીમાં ફરજ ઉપર હાજર હતા દરમ્યાન અલગ અલગ દિવસે આરોપી (૧) વિજયકુમાર (૨) સરદાર સુંદરસિંગ (૩) આકાશ વર્મા નાએ અલગ-અલગ મોબાઇલ ફોન ઉપરથી બેલાબહેનને ફોન કરી "તમને રૂપિયા ૨૫ લાખનું ઇનામ લાગેલ છે" તેમ કહી લાલચ આપી, વિશ્વાસમાં લઇ જુદી-જુદી બેંકનાં જુદા-જુદા ખાતામાં કુલ રૂપિયા ૭૧,૫૦૦/- ભરાવી દઇ બાદમાં ઇનામની રકમ નહીં આપી બેલાબહેન સાથે છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.બી.ગોહીલ ચલાવે છે.

**અપહરણઃ-** **સમાચાર યાદી નં.૨૦૨૨/૧૪**

**નરોડા :** નિકીતાબહેન મહેશભાઇ જેઠવા (ઉ.વ.૧૭)(રહે.હરિકૃષ્ણ સોસાયટી, આશારામ સોસાયટીની સામે, ઠક્કરનગર રોડ, નરોડા) ને ઘર નજીકથી તા.૧/૮/૧૪ ના કલાક ૬/૪૫ વાગ્યા પછી કોઇપણ સમયે આરોપી મૌલીક વલ્લભભાઇ પટેલ(રહે. ઇન્દ્રપ્રસ્થ સોસાયટી, નિકોલ) લગ્ન કરવાની લાલચ આપી જારકર્મ કરવાના ઇરાદે ભગાડી લઈ ગયો છે. આ અંગેની ફરીયાદ નિકિતાબહેનના પિતા મહેશભાઇ જેઠવાએ તા.૪/૮/૧૪ નારોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એમ.એ.વાળા ચલાવે છે.

**વાહન ચોરીઃ-** **સમાચાર યાદી નં.૨૦૨૩/૧૪**

**સોલા હાઇકોર્ટ :** દિવ્યેશભાઇ હીરાલાલ ઠકકર (રહે,નુપુર ટાવર, સાજ એપાર્ટમેન્ટની બાજુમાં, સેટેલાઇટ) એ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૪/૮/૧૪ બપોરનાં ૧/૩૦ વાગ્યાના સુમારે સોલાબ્રીજ પાસે આવેલ પંજાબ ઓટોમોબાઇલ મહિન્દ્ર શૉરૂમ પાસે આવેલ કાર વોશીંગ એરીયામાં પોતાની મહિન્દ્રા સ્કોર્પીયો ગાડી (જેનો આર.ટી.ઓ.નંબર નાંખેલ ન હતો.) કિંમત રૂપિયા ૯,૦૦,૦૦૦/- વોશીંગ માટે મુકેલ હતી. દરમ્યાન એક અજાણ્યો પુરૂષ દિવ્યેશભાઇને ધક્કો મારી ગાડી ચોરી કરી લઈ ગયો છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એલ.રાજપુત ચલાવે છે.

**કારંજ :** દિનેશભાઇ રમેશભાઇ ઠાકોર (રહે, ભાઇચંદપુરા પોપટલાલની ચાલી, ગીરધરનગર, ઠાકોરવાસ, શાહીબાગ) એ કારંજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૩/૬/૧૪ સવારનાં ૧૧/૩૦ વાગ્યાના સુમારે ઘી કાંટા કોર્ટની પાસે હનુમાન ગલીમાં પોતાની ઓટોરીક્ષા નંબર જીજે.૧.બી.યુ.૧૧૨૭ કિંમત રૂપિયા ૩૫,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી બે કલાકમાં થઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.ડી.પટેલ ચલાવે છે.

**શાહીબાગ :** પ્રદિપ અમુલમલ બોદાની (રહે. કુબેરનગર રાજવી રોડ, દેનાબેંકની પાછળ, સરદારનગર) એ તા.૪/૮/૧૪ નારોજ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૯/૭/૧૪ બપોરનાં ૩/૦૦ વાગ્યાના સુમારે શાહીબાગ "એ" બ્લોક બોયઝ હોસ્ટેલ તથા પી.જી.હોસ્ટેલના વચ્ચે આવેલ રોડ ઉપર પોતાની ઓટોરીક્ષા નંબર જીજે.૧.બી.વાય.૦૩૭૬ કિંમત રૂપિયા ૩૫,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી દોઢ કલાકમાં થઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.સી.રાવત ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૨૦૨૪/૧૪**

**વટવા :** શિલ્પાબહેન દિલીપગીરી ગોસાઇ (ઉ.વ.૨૨)(રહે.ગરીબ આવાસ યોજના, વટવા) એ તા.૩/૮/૧૪ રાતનાં ૧૨/૦૦ વાગ્યાના સુમારે પોતાને સંતાન થતુ ન હોઇ, હતાશ થઇ જતાં પોતાના ઘરે રૂમનાં પંખા સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી લીધી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.પો.કમિ.શ્રી “જે” ડીવીઝન ચલાવે છે.

**ગુમ થવા બાબતઃ-** **સમાચાર યાદી નં.૨૦૨૫/૧૩**

| | |
|---|---|
| **દરીયાપુર** : કાજલબહેન ઉર્ફે મીલુ અશોકભાઇ ડબગર(ઉ.વ.૧૭)(રહે.બાવાનું ડહેલુ, જે.પી.સ્કુલ સામે, દરીયાપુર) તા.૩૧/૭/૧૪ નાં કલાક ૯/૦૦ વાગ્યાના સુમારે ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. મઘ્યમ બાંધાના અને ઘઉવર્ણા છે. ગુલાબી રંગનો પંજાબી ડ્રેસ પહેર્યો છે.ઉંચાઈ ૫ ફુટ ૪ ઇંચ છે.(દરીયાપુર પોલીસ સ્ટેશન ટેલી.નંબર ૨૨૧૩૫૭૦૧) |  |
| **વસ્ત્રાપુર** : જયંતીદેવી મઘેસસિંગ રાજપુત (ઉ.વ.૩૨)(રહે.ભરવાડવાસ, રણછોડભાઇ ના મકાનમાં, થલતેજ ગામ) તા.૨૧/૬/૧૪ ના કલાક ૧૨/૩૦ વાગ્યાનાં સુમારે પોતાના ઘરેથી ક્યાંક ચાલ્યા ગયા છે. મઘ્યમ બાંધાના અને ઘઉવર્ણા છે. લાલ રંગનો ડ્રેસ પહેર્યો છે. ઉંચાઇ ૫ ફુટ છે.(વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન નંબર ૨૬૮૫૧૯૦૨) |  |
| **વટવાઃ** હિરાલાલ ધનજીભાઇ હડીયલ (ઉ.વ.૪૫)(રહે.આરાધના પાર્ક, પી.ડી.પંડ્યા કોલેજ રોડ, વટવા) તા.૨૮/૭/૧૪ નાં કલાક ૮/૦૦ વાગ્યાના સુમારે થી તેમનો ક્યાંય પતો નથી. પાતળા બાંધાના અને શ્યામવર્ણા છે. સફેદ આખી બાયનું શર્ટ અને ગ્રે રંગનુ પેન્ટ પહેર્યુ છે.ઉંચાઈ ૫ ફુટ ૫ ઇંચ છે.(વટવા પોલીસ સ્ટેશન ટેલી.નંબર ૨૫૭૧૦૦૭૪) |  |
| **આનંદનગરઃ** કબિતા રાય (ઉ.વ.૨૪)(રહે.રિવેશ એન્ટરીયા પીનાકીનની પાછળ, આનંદનગર) તા.૧/૮/૧૪ સાંજનાં ૬/૦૦ વાગ્યાના સુમારે ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. મઘ્યમ બાંધાના અને ઘઉવર્ણા છે. ગ્રે રંગનું ટોપ અને વાદળી રંગનું જીન્સ પેન્ટ પહેર્યુ છે. ઉંચાઈ ૫ ફુટ છે.(આનંદનગર પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૬૭૬૨૨૫૦) |  |
| **શાહીબાગઃ** અંજુબહેન કાળુજી વણઝારા(ઉ.વ.૧૯)(રહે.નિલકંઠ મહાદેવ, સાંકળચંદ માસ્તરની ચાલી, અસારવા, શાહીબાગ) તા.૨૯/૭/૧૪ સવારના ૧૧/૩૦ વાગ્યાના સુમારે ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. મઘ્યમ બાંધાના અને ઘઉવર્ણા છે. ઉંચાઈ ૫ ફુટ છે. (શાહીબાગ પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૨૮૬૮૦૨૫) |  |

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર
પોલીસ કમિશનર વતી.